## આકાશવાણી-ભુજ

## સમાચાર વાચક:- વિરલ રાણા

## કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

**તારખ:-22-07-2024** **સમય:-સાજે ૬.૨૫ કલાકે**

---

## કે.નાણામંત્રી આર્થિક સર્વેક્ષણ

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આવતીકાલે 2024-25નું અંદાજપત્ર રજૂ કરતાં પૂર્વે આજે  લોકસભામાં આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું. આ સર્વેક્ષણમાં વર્ષ 2023-24નો વિકાસ દર 6.50 ટકાથી 7 ટકા થવાનું અનુમાન છે.

આર્થિક સર્વેક્ષણ પ્રમાણે વૈશ્વિક સ્તરે અસ્થિરતા છતાં પ્રાદેશિક પરિબળોને કારણે વર્ષ 2023-24માં આર્થિક વિકાસને બળ મળ્યું. આ સર્વેક્ષણમાં કહેવાયું છે કાપડ અને સેવા ક્ષેત્રે નિકાસમાં મોટો ઉછાળો આવ્યો છે. વધુમાં કહેવાયું છે કે GST સહિતના કર માળખામાં તબક્કાવાર થયેલા સુધારાઓને કારણે નોંધનીય પરિણામો મળ્યા છે.

**RNU અમદાવાદ**

---

## વરસાદ – રાજ્ય કચ્છ

રાજ્યમાં આજે સવારે 6થી 12 વાગ્યા દરમિયાન 108 તાલુકામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. ગાંધીનગર સ્ટેટ ઇમરજન્સી ઑપરેશન સેન્ટરના જણાવ્યા મુજબ, રાજ્યના 108 જેટલા તાલુકાઓમાં આજે હળવોથી ભારે વરસાદ નોંધાયો છે. આમાંથી સૌથી વધારે 11 ઈંચ વરસાદ દેવભૂમિદ્વારકાના કલ્યાણપુર તાલુકામાં વરસ્યો. જૂનાગઢ જિલ્લાના માણાવદર, અને માળિયા હાટીનામાં પાંચ ઇંચથી વધુ વરસાદ થયાના અહેવાલ છે.

દરમિયાન કચ્છમાં છેલ્લા એક અઠવાડિયાથી વરસાદી માહોલ છે. ત્યારે આજે વહેલી સવારથી જિલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે કેટલાક ગામોમાં વરસાદ પડ્યો હોવાના અહેવાલ છે. જિલ્લાના કંટ્રોલરૂમમાંથી મળતી આંકડાકીય માહિતા

મુજબ સવારના છથી સાંજ છ દરમિયાન સૌથી વધુ અબડાસામાં 54 મિલિમીટર, ભુજમાં 16, મુંદરામાં દસ અને માંડવી 9 મિલિમિટર વરસાદ નોંધાયો છે.

હવામાન ખાતા દ્વારા જિલ્લામાં ગુરૂવાર સુધી સામાન્યથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

**RNU અમદાવાદ/ટેલીફોન**

---

## ચાંદીપુરા વાયરસ પોઝિટીવ કેસ (આરોગ્ય અધિકારી બાઈટ)

રાજ્યમાં શંકાસ્પદ ચાંદીપુરા વાયરસના કેસ સતત વધી રહ્યા છે તે વચ્ચે જિલ્લામાં પ્રથમ પોઝિટીવ કેસ નોંધાયો છે. નખત્રાણા તાલુકાના દેવપર ગામમાં વાડી વિસ્તારમાં રહેતા પરિવારની દોઢ વર્ષની બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવતા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા સાવચેતીના પગલા લેવામા આવ્યા છે. ગ્રામ પંચાયતને સાથે રાખીને આરોગ્ય તંત્ર દ્વારા ગામમાં કામગીરી કરવામાં આવી રહી છે. સાથે સમગ્ર જિલ્લામાં ચાંદીપુરા વાયરસ સામે સાવચેતીના પગલારૂપે વિવિધ કામગીરી શરૂ કરવામાં આવી છે. દેવપરની બાળકી હાલ જી.કે. જનરલ હોસ્પિટલમાં દાખલ છે અને તેની તબીયત સ્થિર હોવાનું જિલ્લા આરોગ્ય અધિકારી આર.આર. ફુલમાલીએ આ મુજબ જણાવ્યું.

બાઇટ : આર.આર. ફુલમાણી

**પરેશ મારૂ**

---

## બાંગ્લાદેશ ગુજરાત વિદ્યાર્થી

બાંગ્લાદેશમાં ચાલી રહેલી હિંસા વચ્ચે અટવાઈ ગયેલા રાજ્યના 14 વિદ્યાર્થીઓ કેન્દ્ર અને રાજ્યસરકારના પ્રયાસોના પગલે  સલામત વતન પરત આવ્યા છે. જ્યારે અન્ય 11 વિદ્યાર્થીઓને પરત લાવવા માટેનાં પ્રયત્ન ચાલુ છે. સત્તાવાર યાદીના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બિનનિવાસી ગુજરાતી ફાઉન્ડેશનને આપેલી સૂચનાના પગલે ફસાયેલા વિદ્યાર્થીઓની વિગતો મેળવવા હેલ્પલાઇન નંબર-99784 30075 જાહેર કરવામાં આવ્યો છે.

---

# કેરી દિવસ

ભારતમાં રાષ્ટ્રીય કેરી દિવસની 22મી જુલાઈએ ઉજવણી કરાય છે. ત્યારે ગુજરાત કેસર કેરીના ઉત્પાદનમાં મોખરાનું રાજ્ય છે. કચ્છ, ગીર સોમનાથ, નવસારી, વલસાડ અને સુરતમાં કેરીના મુખ્ય ઉત્પાદક જિલ્લા છે. સરકારી સાહસ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનની નોંધ મુજબ છેલ્લા પાંચ વર્ષના ગાળામાં ગુજરાતમાંથી 2500 ટનથી વધુ કેરીની નિકાલ થઈ છે.

**N.P**

---

# પ્રા.વાહન વ્યવહાર કચેરી ડ્રાઈવિંગ ટેસ્ટ

પ્રાદેશિક વાહન વ્યવહાર ભુજ ખાતેની કચેરીના ઓટોમેડેટ ડ્રાઇવિંગ ટેસ્ટ ટ્રેક ડ્રાઇવિંગ ટેસ્ટ લેવાની કામગીરી હાલ બંધ રહેશે. જે ટેકનિકલ ક્ષતિ દુર થતા રાબેતા મુજબ ટેસ્ટ લેવાની કામગીરી ચાલુ કરવામાં આવશે એવું પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ભુજની યાદીમાં જણાવાયું છે.

**મા.ખા**

---

# હિંડોળા મહોત્સવ

આજથી કચ્છના સ્વામિનારાયણ અને વૈષ્ણવ સંપ્રદાયના મંદિરોમાં એક મહિના સુધી ચાલનારા હિડોળા ઉત્સવ શરૂ થયો છે. ભુજના નૂતન સ્વામિનારાયણ મંદિર, બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં હરિભક્તો દ્વારા કલાત્મક હિંડોળા તૈયાર કરી ભગવાનને પારણે ઝુલાવવામાં આવશે.

**N.P**

---